ખેલ મહાકુંભ
રમશે ગુજરાત જીતશે ગુજરાત...

ક્રમાંક:એસ.એ.જી/ખેમકું ૨૦૨૬/૨૦૨૬-૨૭
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
વહીવટી બિલ્ડીંગ,
સેકટર-૧૩, બી, ખ-૩ સર્કલ નજીક,
વાવોલ રેલ્વે ક્રોસીંગ પાસે,
ગાંધીનગર. તા.૧૯/૦૯/૨૦૨૬

## વિષય:- ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત સ્પર્ધાઓ

**<u>પરિપત્ર :-</u>**

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલ મહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.જેમાં શાળા/ગ્રામ્ય,તાલુકા/ઝોનકક્ષા, જિલ્લા/મહાનગરપાલિકાકક્ષા, ઝોનકક્ષા (ટીમ રમત) અને છેલ્લે રાજ્યકક્ષાની સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવેલ છે. ખેલમહાકુંભના રજિસ્ટ્રેશન, આયોજન-સંચાલન, ટેકનીકલ ઓફીસીયલ્સ, માનદવેતન વિગેરેની કામગીરી માટેની મહત્વની સુચનાઓ નીચે પ્રમાણે છે. જે અનુસાર કામગીરી હાથ ધરવાની થાય છે.

ખેલ મહાકુંભ અંતર્ગત શાળાકક્ષાએ અં-૯, અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ની વયજુથમાં ખેલ મહાકુંભની એથ્લેટીકસની રમતમાં તમામ શાળાઓએ ફરજીયાત ભાગ લેવાનો રહેશે.

**(૧) <u>રજિસ્ટ્રેશન:-</u>**

૧. ખેલ મહાકુંભ-૨૦૨૬નું ઓનલાઈન રજિસ્ટ્રેશન **તા.૨૯/૦૮/૨૦૨૬**થી શરૂ કરવામાં આવેલ છે.

૨. ખેલ મહાકુંભ-૨૦૨૬માં ભાગ લેવા માટે નિયત વયજૂથના તમામ ખેલાડીઓ દ્વારા ફરજીયાત વેબસાઈટ https://khelmahakumbh.gujarat.gov.in પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

૩. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઇ શકશે. કોઇપણ ખેલાડી બે રમત કરતાં વધુ રમતમાં ભાગ લઇ શકશે નહી. એક જ KMK IDથી ખેલાડીએ બે રમતમાં રજિસ્ટ્રેશન કરાવ્યુ હશે તો જ ખેલાડીનું બે રમતમાં રજિસ્ટ્રેશન માન્ય ગણવામાં આવશે. એક જ KMK IDથી બે રમતમાં રજિસ્ટ્રેશન કરાવ્યુ હશે અને વિજેતા થશે તો જ રોકડ-પુરસ્કાર મળવાપાત્ર રહેશે.

૪. અં-૯, અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ ગૃપમાં શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ જે તે શાળામાંથી રજિસ્ટ્રેશન કરવાનું ફરજીયાત રહેશે.

૫. કોલેજમાં અભ્યાસ કરતાં ખેલાડીઓ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરી શકશે.

૬. અભ્યાસ ન કરતાં હોય તેવા ખેલાડીઓ જિલ્લાની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજુથમાં રજિસ્ટ્રેશન કરાવી શકશે.

૭. જિલ્લાકક્ષાએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર કચેરીએથી પણ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે

**(૨) રજિસ્ટ્રેશન અંગેનો પાસવર્ડ:-**

શાળા/કોલેજ અંગેનો પાસવર્ડ સ્કુલ/કોલેજના જવાબદાર વ્યક્તિને આપવાનો રહેશે અને તેમના દ્વારા રજિસ્ટ્રેશનની કામગીરી થાય તે જોવાનું રહેશે.

**(૩) પ્રચાર-પ્રસાર :-**

૧. ખેલ મહાકુંભનો અસરકારક અને વધુમાં વધુ પ્રચાર-પ્રસાર થાય તે માટે સોશિયલ મિડિયાનો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે.

### (૪) નિવાસ અને ભોજન :-

ઝોન/રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ખેલાડીઓ, વ્યવસ્થાપક, ચીફ રેફરી અને ટેકનીકલ ઓફિશીયલ્સ માટે નિવાસ,ભોજન અને પ્રવાસ ખર્ચ નીચે મુજબ કરવાનો રહેશે.

| ક્રમ | વિગત | ભોજન | નિવાસ |
|---|---|---|---|
| ૧ | વ્યવસ્થાપક | ૨૫૦ | ૭૫ |
| ૨ | ચીફ રેફરી | ૨૫૦ | ૨૦૦ |
| ૩ | ટેકનીકલ ઓફિશીયલ્સ | ૨૫૦ | ૨૦૦ |
| ૪ | ટેકનીકલ કન્વીનર/નોડલ ઓફીસર | ૨૫૦ | ૨૦૦ |
| ૫ | ખેલાડીઓ | ૨૫૦ | ૭૫ |

### (૫) પ્રવાસ ખર્ચ :-

- તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર કોઈ પણ ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચૂકવવાનો નથી.
- જિલ્લાકક્ષા, ઝોન તથા રાજયકક્ષાની સ્પર્ધાના વ્યવસ્થાપક, રેફરી અને ટેકનીકલ ઓફિશીયલ્સને એસ.ટી. ની સાદી બસ અથવા રેલ્વેના (નોન-એસી) બીજા વર્ગના ભાડાની મર્યાદામાં ખરેખર થયેલ પ્રવાસખર્ચ ચુકવવાનો રહેશે.
- તાલુકાની રમતોમાં ભાગ લઈ **વિજેતા થયેલ** ખેલાડી જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લે તે ખેલાડીઓને એસ.ટી. ની સાદી બસના ભાડાની મર્યાદામાં ખરેખર થયેલ પ્રવાસ ખર્ચ ચૂકવવાનો રહેશે.
- જિલ્લાની રમતોમાં ભાગ લઈ પસંદગી પામેલ ખેલાડીઓ ઝોનકક્ષાની સ્પર્ધામાં ભાગ લે તે ખેલાડીઓને એસ.ટી.ની સાદી બસ ભાડાની મર્યાદામાં ખરેખર થયેલપ્રવાસ ખર્ચ ચૂકવવાનો રહેશે.
- ઝોનકક્ષાની ટીમ રમતોમાં ભાગ લઈ પસંદગી પામેલ ખેલાડીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લે તે ખેલાડીઓને એસ.ટી.ની સાદી બસ ભાડાની મર્યાદામાં ખરેખર થયેલ પ્રવાસ ખર્ચ ચૂકવવાનો રહેશે.
- સીધી જિલ્લાકક્ષા અને સીધી રાજયકક્ષાએ સીધી સ્પર્ધાઓમાં ભાગ લેતા ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચૂકવવાનો નથી.

### (૬) ટેકનીકલ ઓફીસીયલ્સ ફી :-

- ટેકનીક્લ ઓફીસીયલ્સ (રેફરી)ને તાલુકા, જિલ્લા, ઝોન અને રાજયકક્ષાએ માનદ વેતન (ફી) ચૂકવવાનું રહેશે. જે તે રમતની જરૂરીયાત પ્રમાણે રાજ્યકક્ષાના માન્ય એસોસીએશન અને હેડકોચ (એસ.એ.જી)ના પરામર્શમાં રહીને ટેકનીક્લ ઓફીસીયલ્સ રાખવાના રહેશે
- માનદ વેતન

  વ્યવસ્થાપક, ટેકનીક્લ ઓફીસીયલ્સ અને ચીફ રેફરીને તાલુકા, જિલ્લા, ઝોન અને રાજયકક્ષાએ નીચે મુજબ માનદ વેતન ચૂકવવાનું રહેશે.

| કક્ષા | વ્યવસ્થાપક | ટેકનીક્લ ઓફીસીયલ્સ | ચીફ રેફરી |
|---|---|---|---|
| તાલુકા/ઝોનકક્ષા | રૂ. ૭૫ | રૂ.૨૦૦ | રૂ.૩૦૦ |
| જિલ્લા/મહાનગરપાલીકાકક્ષા | રૂ.૧૦૦ | રૂ.૩૦૦ | રૂ.૪૦૦ |
| ઝોન/રાજયકક્ષા | રૂ.૧૫૦ | રૂ.૫૦૦ | રૂ.૬૦૦ |

જે તે રમતની જરૂરીયાત પ્રમાણે વ્યવસ્થાપક અને ટેકનીકલ ઓફીસીયલ્સ રાજ્યકક્ષાના માન્ય એસોસીએશન અને હેડકોચના પરામર્શમાં રહીને રાખવાના રહેશે. અને આ અંગેની મહતમ સંખ્યા દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે. (પત્રક-અ)

**(૭) રોકડ પુરસ્કાર- DBT/RTGS**

ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર વિતરણ DBT/RTGS દ્વારા જે તે ખેલાડીઓના ખાતામાં તબદીલ કરવામાં આવશે.

તાલુકાકક્ષા/જિલ્લાકક્ષાના વિનિંગ મોડ્યુલમાં એન્ટ્રી કર્યા બાદ જ તાલુકાકક્ષા/જિલ્લાકક્ષાના રોકડ પુરસ્કારનું વિતરણ તેમજ રાજયકક્ષાના વિનિંગ મોડ્યુલમાં એન્ટ્રી કર્યા બાદ જ રાજયકક્ષાના રોકડ પુરસ્કારનું વિતરણ કરવાનું રહેશે.

તાલુકાકક્ષાના વિજેતા ખેલાડી જિલ્લાકક્ષાએ ભાગ લે તો જ તાલુકાકક્ષાના રોકડ-પુરસ્કાર આપવાના રહેશે.

જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ વિજેતા ખેલાડીઓ પાસેથી આધારકાર્ડ, બોનાફાઇડ અને બેંકની પાસબુકની નકલ રોકડ-પુરસ્કાર સાથે ફરજિયાત મેળવવાની રહેશે.

**તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા અને રાજ્યકક્ષાએ તબક્કાવાર સ્પર્ધા પૂર્ણ થયેથી વિજેતા ખેલાડીઓને રોકડ-પુરસ્કાર મળી જાય તે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે. જેની સંપૂર્ણ જવાબદારી જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની રહેશે.**

**(૮) જિલ્લાકક્ષાએથી ઝોનકક્ષાની સ્પર્ધામાં ટીમ રમતમાં પસંદગીની ટીમ મોકલવા બાબત**

- જિલ્લાકક્ષાએથી ઝોનકક્ષાની સ્પર્ધામાં તમામ વયજુથની ટીમ રમતમાં ભાગ લીધેલ ખેલાડીઓમાંથી પ્રતિભાશાળી ખેલાડીઓ પસંદ કરી પસંદગીની માત્ર ૧ (એક) ટીમને ઝોનકક્ષાએ ભાગ લેવા મોકલવાની રહેશે.
- જિલ્લાકક્ષાએથી ઝોનકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જતી પસંદગીની ટીમ સાથે એક મેનેજર અને એક કોચને મોકલી આપવાના રહેશે.
- જિલ્લાકક્ષાએ પસંદગી ટીમ નક્કી કરવા માટે નીચે મુજબ સમિતિની રચના કરવાની રહેશે.

| | |
|---|---|
| ૧ | જિલ્લા રમત વિકાસ અધિકારી |
| ૨ | જિલ્લા રમત ગમત અધિકારી |
| ૩ | જે તે રમતના કોચ |
| ૪ | જે તે રમતના માન્ય એસોસીએશનના પ્રમુખ/મંત્રી/પ્રતિનિધિ |
| ૫ | જે તે રમતના માન્ય વ્યાયામ શિક્ષક સંઘના પ્રમુખ/મંત્રી/પ્રતિનિધિ |
| ૬ | કલેકટરશ્રી પોતાની કક્ષાએ નક્કી કરે તેવા રમતગમતમાં રસ ધરાવતા અને ઈચ્છુક/સ્વૈચ્છીક સેવા આપવા સંમત અધિકારી/પ્રતિનિધિ |

**(૯) શ્રેષ્ઠ શાળાઓને પુરસ્કાર**

- તાલુકાકક્ષા
  - ખેલ મહાકુંભની તાલુકાકક્ષાની સ્પર્ધાઓમાં ત્રણ શ્રેષ્ઠ શાળાઓની પસંદગી કરી અનુક્રમે રૂ.૨૫ હજાર, રૂ.૧૫ હજાર અને રૂ.૧૦ હજારના રોકડ પુરસ્કાર એનાયત કરવાનો રહેશે.
- જિલ્લાકક્ષા

- ખેલ મહાકુંભની જિલ્લાકક્ષાની સ્પર્ધાઓમાં જિલ્લાકક્ષાએ DLSS (ડીસ્ટ્રીક લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ)ને સામાન્ય શાળા તરીકે ગણતા ત્રણ શ્રેષ્ઠ શાળાઓની પસંદગી કરવાની રહેશે.
- ખેલ મહાકુંભની જિલ્લાકક્ષાની સ્પર્ધાઓમાં ત્રણ શ્રેષ્ઠ શાળાઓની પસંદગી કરી અનુક્રમે રૂ.૧.૫૦ લાખ, રૂ.૧.૦૦ લાખ અને રૂ.૭૫ હજારના રોકડ પુરસ્કાર એનાયત કરવાનો રહેશે.

- રાજયકક્ષા
  - ખેલ મહાકુંભની રાજયકક્ષાની સ્પર્ધાઓમાં ત્રણ શ્રેષ્ઠ શાળાઓની પસંદગી કરી અનુક્રમે રૂ.૫.૦૦ લાખ, રૂ.૩.૦૦ લાખ અને રૂ.૨.૦૦ લાખના રોકડ પુરસ્કાર સ્વરૂપે અનુદાન આપી સન્માનીત કરવાની રહેશે.
  - ખેલ મહાકુંભની રાજયકક્ષાની શ્રેષ્ઠ શાળાનાં બેન્ક એકાઉન્ટમાં રોકડ પુરસ્કારની રકમ DBT/RTGS થી તબદીલ કરવાની રહેશે.
  - સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જે પદ્ધતિ નક્કી કરવામાં આવે તે મુજબ શ્રેષ્ઠ શાળા નક્કી કરવામાં આવશે.
  - આ પુરસ્કારની રકમ રમતગમતના વિકાસ માટે જ ઉપયોગ કરવાની રહેશે. જેમાં ૬૦% રકમ રમતગમતના વિકાસ માટે અને ૪૦% રકમ ખેલાડીઓ (સ્પોર્ટસકીટ, સાધન, તથા અન્ય જરૂરીયાત) માટે કરવાનો રહેશે.
  - આ પુરસ્કારની રકમનો ખર્ચ ઉપર મુજબ થાય તેનું મોનીટરીંગ જે તે જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીનાં પરામર્શમાં રહીને કરવાનું રહેશે.

**(૧૦) ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન :- (પ્રતિભાશોધ)**

(ક) ખેલ મહાકુંભની રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓમાંથી "ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન" ની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(ખ) ખેલ મહાકુંભની સ્પર્ધાઓમાંથી જ DLSS શાળાના ખેલાડીઓનું ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કરવાનું રહેશે.

(ગ) ટીમ રમતમાં ઝોનકક્ષા અને રાજ્યકક્ષાની સ્પર્ધામાંથી"ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન" ની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(ઘ) ટેલેન્ટ આઈડેન્ટીફીકેશનના ખેલાડીઓની પસંદગી કરવા માટે નીચે મુજબની સમિતિ રહેશે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | જિલ્લા રમત વિકાસ અધિકારી | અધ્યક્ષ |
| ૨ | જેતે રમતના હેડ કોચ/નોડલ ઓફીસર | સભ્ય સચિવ |
| ૩ | જે તે રમતના કોચ | સભ્ય |
| ૪ | જિલ્લા રમતગમત અધિકારી | સભ્ય |

(ચ) ઉપરોકત સમિતિ દ્વારા ખેલાડીઓની યાદી તૈયાર કરી ડીસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) શાખા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરને ઓનલાઈન મોકલી આપવાની રહેશે.

**<u>(૧૧) સ્પર્ધાઓ</u>**

**૧. શાળા અને ગ્રામ્યકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ**

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | ૩૦ મી. દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડજમ્પ |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | ૫૦ મી. દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડજમ્પ |
| ૩ | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |

| | | |
|---|---|---|
| ૪ | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૫ | ઓપન એજ ગ્રુપ | એથ્લેટીક્સ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ |

## ૨. તાલુકાકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧ | ૧૧ વર્ષથી નીચે | ચેસ |
| ૨ | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૩ | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૪ | ઓપન એજ ગ્રુપ | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૫ | ૪૦ વર્ષથી ઉપર | ચેસ |
| ૬ | ૬૦ વર્ષથી ઉપર | ચેસ |

## ૩. જિલ્લાકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧ | ૧૧ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, સ્વીમીંગ, સ્કેટીંગ, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, બેડમિન્ટન |
| ૨ | ૧૪ વર્ષથી નીચે | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોનટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો,કરાટે, આર્ટીસ્ટીક સ્કેટીંગ, યોગાસન |
| ૩ | ૧૭ વર્ષથી નીચે | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોન ટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો, યોગાસન, કરાટે, રગ્બી |
| ૪ | ઓપન એજ ગ્રુપ | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોનટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવોન્ડો, શુટીંગબોલ, કરાટે, યોગાસન, રગ્બી, આર્ટીસ્ટીક સ્કેટીંગ |
| ૫ | ૪૦ વર્ષથી ઉપર | બેડમિન્ટન, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, સ્વીમીંગ, શુટીંગબોલ |
| ૬ | ૬૦ વર્ષથી ઉપર | બેડમિન્ટન, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, સ્વીમીંગ |

## ૪. સીધી રાજયકક્ષાએ યોજાતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧ | ૧૧ વર્ષથી નીચે | સ્વીમીંગ, સ્કેટીંગ |
| ૨ | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, ફેન્સીંગ, બોક્સીંગ, શુટીંગ, ટેકવોન્ડો, જિમ્નાસ્ટીકસ, સ્કેટીંગ, મલખમ્બ, સ્પોર્ટ ક્લાઈમીંગ, રોલબોલ, સેપક ટકરાવ |
| ૩ | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, ટેકવોન્ડો,વેઈટલીંફટીંગ, ફેન્સીંગ, બોક્સીંગ, શુટીંગ, જિમ્નાસ્ટીકસ, સ્કેટીંગ, મલખમ્બ, સોફ્ટ ટેનીસ, સ્પોર્ટસ ક્લાઈમીંગ, રોલબોલ, સેપક ટકરાવ, વુડબોલ |
| ૪ | ઓપન એજ ગ્રુપ | એથ્લેટીકસ,સ્વીમીંગ, ટેકવોન્ડો, જૂડો,કુસ્તી, આર્ચરી,જિમ્નાસ્ટીકસ, સાયકલિંગ (૨૦ કિ.મી.), શુટીંગ, સ્કેટીંગ, વેઈટલીંફટીંગ, ફેન્સીંગ, બોક્સીંગ, મલખમ્બ, સોફ્ટ ટેનીસ, સ્પોર્ટસ ક્લાઈમીંગ, ઘોડેસવારી, વુડબોલ, બીચ હેન્ડબોલ, બીચ વોલીબોલ |
| ૫ | ૪૦ અને ૬૦ વર્ષથી ઉપર | યોગાસન |

## (૧૨) આયોજન અને સંચાલન

૧. ખેલ મહાકુંભનું સમગ્ર આયોજન-સંચાલન જેતે કક્ષાની અમલીકરણ સમિતિ દ્વારા કરવાનું રહેશે.

| પ્રા.શાળા | ગ્રામ્ય | તાલુકા | જિલ્લા | મહાનગરપાલીકા | જિલ્લાકક્ષાની પસંદગી અને ટેકનિકલ |
|---|---|---|---|---|---|
| પ્રાથમિકશાળા નાઆચાર્ય અધ્યક્ષ | સરપંચ અધ્યક્ષ | પ્રાંત અધિકારી અધ્યક્ષ | કલેકટર અધ્યક્ષ | **મ્યુનિ. કમિશનરશ્રી અધ્યક્ષશ્રી** | જિલ્લા વિકાસ અધિકારીશ્રી **અધ્યક્ષ** |
| સી.આર.સી સભ્ય | માધ્યમિક શાળાના આચાર્ય સભ્ય | મામલતદાર કન્વીનર | જિલ્લા વિકાસ અધિકારી ઉપાધ્યક્ષ | ડે. મ્યુનિ. કમિશનરશ્રી (નિયુક્ત) સભ્યશ્રી | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સભ્ય |
| વ્યાયામ શિક્ષક સભ્ય સચિવ | પ્રાથમિક શાળાના આચાર્ય સભ્ય સચિવ | તાલુકા વિકાસ અધિકારી સભ્ય | વાઈસ ચાન્સેલર યુનિવર્સીટી હોય તો સભ્ય | નાયબ પોલીસ કમિશનરશ્રી (નિયુક્ત) સભ્યશ્રી | જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી એસ.એ.જી સભ્ય |
| | સ્વામી વિવેકાનંદ ગામ યુવક મંડળના પ્રમુખસભ્ય | તાલુકા સ્વામી વિવેકાનંદ મંડળના પ્રમુખ સભ્ય | પોલીસ અધિક્ષક સભ્ય | મ્યુનિસિપલ કમિશનરશ્રી નિયુક્ત ૩ પ્રતિષ્ઠિત નાગરિકો (બે રમત વીરો) સભ્ય | જિલ્લા રમતગમત અધિકારીશ્રી સભ્ય સચિવ |
| | તલાટી કમ મંત્રી સભ્ય | બી.આર.સી. સભ્ય સચિવ | જિલ્લા શિક્ષણાધિકારી (પ્રાથમિક અને માધ્યમિક) સભ્ય | મહાનગર સ્વામી વિવેકાનંદ મંડળના પ્રમુખશ્રી સભ્યશ્રી | |
| | | સી.આર.સી. સભ્ય | પ્રિન્સીપાલ, શિક્ષણ અને તાલીમ ભવન સભ્ય | મહાનગર નામાંકિત શાળા આચાર્ય સભ્યશ્રી | |
| | | | સ્વામી વિવેકાનંદ જિલ્લા યુવક મંડળનાપ્રમુખ સભ્ય | જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી એસ.એ.જી સભ્ય | |
| | | | જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી એસ.એ.જી (સભ્ય) | જિલ્લા રમતગમત અધિકારી સભ્ય સચિવ | |
| | | | DIETના શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા સભ્ય | | |
| | | | જિલ્લા રમત ગમત અધિકારી (સભ્ય સચિવ) | | |

**(૧૩) સ્પર્ધા અંગેની સુચનાઓ :-**

- ખેલ મહાકુંભમાં માત્ર જન્મ તારીખને ધ્યાનમાં રાખવાની રહેશે. અને કોઈપણ રમતવીર સ્પર્ધામાં ભાગ લઈ શકશે તેમાં ધોરણને ધ્યાનમાં લેવાનું રહેશે નહી.
- ખેલ મહાકુંભ અંતર્ગત યોજાતી તમામ સ્પર્ધાઓમાં માત્ર જન્મ તારીખના આધારે નિયમ મુજબ કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકશે.
- એથ્લેટીક્સ (ઓપન એજ ગૃપ):- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં યોજાનાર વ્યક્તિગત ઈવેન્ટમાંથી પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલ ખેલાડીઓની ૪ X ૧૦૦ મી. રીલેની એથ્લેટીક્સ ટીમ બનાવવાની રહેશે જે રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.
- **એથ્લેટીક્સ રમતમાં વધુમાં વધુ બે વ્યક્તિગત અને એક રીલે ઈવેન્ટમાં ભાગ લઈ શકશે.**
- સ્વીમીંગ (ઓપન એજ (સિનિયર) ગ્રુપ) :-
  - જિલ્લાકક્ષાની સ્પર્ધામાં યોજાનાર વ્યક્તિગત ઈવેન્ટમાંથી પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલ ખેલાડીઓની ૪ X ૧૦૦ મી. ફ્રિ સ્ટાઈલ રીલે ટીમ બનાવવાની રહેશે જે રાજયકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.
  - ૪ X ૧૦૦ મી ફ્રી સ્ટાઈલ રીલેની ટીમ જિલ્લાકક્ષાએ ટ્રાયલ લઈ શ્રેષ્ઠ ટીમ પસંદ કરી રાજયકક્ષાએ મોકલવાની રહેશે અને ટીમની પસંદગી જિલ્લાકક્ષાની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે.
- સ્પર્ધામાં ભાગ લેવા માટે વય મર્યાદા નક્કી કરવા માટે **કટ ઓફ ડેટ ૩૧/03/૨૦૨૭ રહેશે.**
- સીધી રાજ્યકક્ષાએ શરૂ થતી સ્પર્ધા માટે ઉપસ્થિત રહેનાર ખેલાડીઓની સૌ પ્રથમ ક્વોલીફાઈડ મેચનું પ્રથમ રાઉન્ડનું આયોજન ગોઠવવાનું રહેશે. **સ્પર્ધામાં ઉપસ્થિત રહેનાર ખેલાડીઓને એક ટાઈમ લંચ આપવાનો રહેશે. માત્ર પ્રથમ રાઉન્ડના વિજેતાઓને જો રોકવાની જરૂરી જણાય તો ભોજન અને નિવાસ પુરૂં પાડવાનું રહેશે.**
- રાજયકક્ષાની સ્પર્ધા માટે પ્રથમ દિવસે સાંજે રીપોર્ટીંગ કરવા માટે જણાવવાનું રહેશે. અને નિવાસ તેમજ ભોજન વ્યવસ્થા કરવાની રહેશે.
- શાળા/ગ્રામ્યકક્ષાએ થી તાલુકાકક્ષા, તાલુકાકક્ષાએ થી જિલ્લાકક્ષા અને જિલ્લાકક્ષાએ થી ઝોનકક્ષા/રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા વિજેતા ખેલાડીઓની એન્ટ્રી ઓનલાઈન મોકલી આપવાની રહેશે. ઓનલાઈન એન્ટ્રી વગર કોઈ પણ સ્પર્ધકને ઉપરની કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહી.
- સ્પર્ધામાં ભાગ લેવા માટેની વયજુથ પ્રમાણેની રમતો, વજન ગૃપ તેમજ ઈવેન્ટની માહિતી ઓનલાઈન રજિસ્ટ્રેશન ફોર્મમાં દર્શાવેલ હોય તે મુજબ ખેલાડીએ ભાગ લેવાનો રહેશે. ઓનલાઈન રજિસ્ટ્રેશન ફોર્મ ઇવેન્ટ સિવાય અન્ય કોઇ ઇવેન્ટમાં ભાગ લઇ વિજેતા થશે તો રોકડ-પુરસ્કાર, પ્રમાણપત્ર, મેડલ અને ટ્રેકશુટ મળવાપાત્ર રહેશે નહી.
- ચેસની સ્પર્ધા સીધી તાલુકા કક્ષાએથી શરૂ કરવાની રહેશે. આ સુચના મહાનગરપાલીકાને પણ લાગુ પડશે. જેની નોંધ લેવી.
- જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલ (ડી.એલ.એસ.એસ)ના વ્યક્તિગત રમતમાં તમામ ખેલાડીઓ અને સાંઘિક રમતમાં માત્ર ૧ જ ટીમએ ખેલ મહાકુંભ અંતર્ગત યોજાતી સ્પર્ધાઓ પૈકી સીધે સીધો જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલ (ડી.એલ.એસ.એસ)ના બાકીના ખેલાડીઓ જે તે કક્ષાએથી શરૂ થતી સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. પરંતુ ખેલાડીઓએ ઓનલાઇન રજિસ્ટ્રેશન પણ કરાવવાનું રહેશે.

- સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની જે તે રમતના એકેડમીના વ્યક્તિગત રમતમાં તમામ ખેલાડીઓ અને સાંઘિક રમતમાં માત્ર ૧ જ ટીમએ ખેલ મહાકુંભ અંતર્ગત યોજાતી સ્પર્ધાઓ પૈકી સીધે સીધો રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની એકેડમીના બાકીના ખેલાડીઓ જે તે કક્ષાએથી શરૂ થતી સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. પરંતુ ખેલાડીઓએ ઓનલાઇન રજિસ્ટ્રેશન પણ કરાવવાનું રહેશે.
- જેતે કક્ષાની સ્પર્ધાઓ દરમ્યાન જે ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, સરકારશ્રી માન્ય જે તે રમતના ફેડરેશન/એસોસીએશનની સ્પર્ધામાં ખરેખર ભાગ લીધેલ હોય અને ખેલ મહાકુંભની વેબસાઇટ પર રજિસ્ટ્રેશન કરાવેલ હોય તેવા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, સરકારશ્રી માન્ય જે તે રમતના ફેડરેશન/એસોસીએશનની સ્પર્ધામાં ખરેખર ભાગ લીધેલ હોવા અંગેના પુરાવાની જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુકત રીતે ચકાસણી કરી સંબંધિત ખેલાડીની બાંહેધરી મેળવીને આગળની જે તે કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે. પરંતુ ઈન્વીટેશન સ્પર્ધાને માન્ય રાખવાની રહેશે નહી.
- બોકસીંગ, જુડો, કરાટે, ટેકવોન્ડો, વેઇટલીફટીંગ તથા કુસ્તી અને વેઇટ કેટેગરીની તમામ સ્પર્ધામાં ખેલાડીએ જે વજન ગૃપમાં રજિસ્ટ્રેશન કરાવ્યુ હોય તે જ વજન ગૃપમાં ભાગ લઈ શકશે. સ્પર્ધા સમયે વજન અને વયજુથમાં કોઇ ફેરકાર કરી શકાશે નહી.
- જે તે કક્ષાની સ્પર્ધા શરૂ થાય તે પહેલા નાદુરસ્ત, અશકત વિધાર્થીઓ તેમજ રમતવીરો સ્પર્ધામાં ભાગ ન લે તેની તકેદારી ટીમ મેનેજર અને કોચે રાખવાની રહેશે.
- તાલુકા, જિલ્લા અને ઝોન/રાજયકક્ષાની સ્પર્ધાઓ દરમ્યાન પ્રાથમિક સારવાર માટે મેડીકલ ટીમ હાજર રાખવાની રહેશે.
- ખેલ મહાકુંભ અંતર્ગત દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ થતી પ્રેસનોટની કટીંગ કચેરી ખાતે રાખવાની રહેશે. અને સ્પર્ધા અંતે તમામ નકલો અત્રેની કચેરીએ મોકલી આપવાની રહેશે. નકારાત્મક મિડિયા કવરેજ તેમજ કોઇ અનિચ્છનિય ઘટના/બનાવ અંગે તાત્કાલિક હકીકતલક્ષી અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે.
- ખેલ મહાકુંભ અંતર્ગત ગ્રામ્ય/તાલુકા/જિલ્લા/મહાનગરપાલિકા/ઝોન અને રાજ્યકક્ષાની સ્પર્ધામાં કોઈ "SUCCESS STORY" હોઈ અને સ્થાનિક અખબારમાં પ્રસિદ્ધ થયેલ હોય/લોકલ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રસિદ્ધ થયેલ હોય અને સ્પર્ધા દરમ્યાન વિડીયો રેકોર્ડિંગ થયેલ તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.
- ખેલ મહાકુંભના કોઇપણ પ્રકારના પ્રચાર-પ્રસાર માટે સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાતની પરવાનગી ફરજીયાત લેવાની રહેશે.
- **શાળાકક્ષાએથી વોર્ડકક્ષાની સ્પર્ધામાં (અમદાવાદ મહાનગરપાલિકા માટે)**
  - અમદાવાદ મહાનગરપાલિકામાં વ્યક્તિગત રમતમાં વિજેતા પ્રથમ અને દ્વિતિય સ્થાન મેળવેલ ખેલાડીઓ ભાગ લેશે.
  - અમદાવાદ મહાનગરપાલિકામાં ટીમ રમતમાં વિજેતા માત્ર પ્રથમ સ્થાન મેળવેલ ટીમ ભાગ લેશે.
- **વોર્ડકક્ષાએથી ઝોનકક્ષાની સ્પર્ધામાં (અમદાવાદ મહાનગરપાલિકા માટે)**
  - અમદાવાદ મહાનગરપાલિકામાં વ્યક્તિગત રમતમાં વિજેતા પ્રથમ અને દ્વિતિય સ્થાન મેળવેલ ખેલાડીઓ ભાગ લેશે.
  - અમદાવાદ મહાનગરપાલિકામાં ટીમ રમતમાં વિજેતા માત્ર પ્રથમ અને દ્વિતિય સ્થાન મેળવેલ ટીમ ભાગ લેશે.

- **શાળા/ગ્રામ્યમાંથી તાલુકા/ઝોન કક્ષાની સ્પર્ધામાં**
    - **અમદાવાદ મહાનગરપાલિકામાં** ઝોનકક્ષાએ ચેસ રમત માટે ૧ શાળામાંથી ૨ ખેલાડીઓએ ભાગ લેવાના રહેશે.
    - વ્યક્તિગત રમતમાં વિજેતા પ્રથમ, દ્રિતિય અને તૃત્તિય સ્થાન મેળવેલ ખેલાડીઓ ભાગ લેશે.
    - ટીમ રમતમાં વિજેતા પ્રથમ, દ્રિતિય અને તૃત્તિય સ્થાન મેળવેલ ટીમો ખેલાડીઓ ભાગ લેશે.
    - **અમદાવાદ ગ્રામ્યમાં** વ્યક્તિગત રમતમાં વિજેતા પ્રથમ અને દ્રિતિય સ્થાન મેળવેલ ખેલાડીઓ ભાગ લેશે.
    - **અમદાવાદ ગ્રામ્યમાં** ટીમ રમતમાં વિજેતા માત્ર પ્રથમ સ્થાન મેળવેલ ટીમ ભાગ લેશે.
- **તાલુકા/ઝોનકક્ષામાંથી જિલ્લા/મહાનગરપાલીકાકક્ષાની સ્પર્ધામાં**
    - વ્યક્તિગત રમતમાં વિજેતા પ્રથમ અને દ્રિતિય સ્થાન મેળવેલ ખેલાડીઓ ભાગ લેશે.
    - જ્યારે, ટીમ રમતમાં પ્રથમ અને દ્રિતિય સ્થાન મેળવેલ ૨ ટીમો ભાગ લેશે.
- જિલ્લાકક્ષામાંથી રાજયકક્ષાની સ્પર્ધામાં વ્યક્તિગત રમતમાં પ્રથમ અને દ્રિતિય વિજેતા ખેલાડી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.
- જિલ્લાકક્ષામાંથી ઝોનકક્ષા(રાજયકક્ષા) ની સ્પર્ધામાં ૯ ટીમ રમતમાં માત્ર પસંદગી પામેલ એક જ ટીમ ઝોનકક્ષાએ સ્પર્ધામાં ભાગ લેશે.
- જિલ્લાકક્ષાએથી ઝોનકક્ષાની સ્પર્ધામાં તમામ વયજુથની ટીમ રમતમાં ભાગ લીધેલ ખેલાડીઓમાંથી પ્રતિભાશાળી ખેલાડીઓ પસંદ કરી માત્ર ૧ (એક) જ પસંદગીની ટીમને ઝોનકક્ષાએ ભાગ લેવા મોકલવાની રહેશે.
- ઝોનકક્ષા(રાજયકક્ષા)ની સ્પર્ધામાંથી પ્રત્યેક ઝોનમાંથી પ્રથમ અને દ્રિતિય વિજેતા ટીમોને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા મોક્લવાની રહેશે.
- ઝોનકક્ષાની સ્પર્ધા નોકઆઉટ પધ્ધતિથી રમાડવાની રહેશે.
- રાજયકક્ષાની સ્પર્ધા લીગ કમ નોકઆઉટ પધ્ધતિથી રમાડવાની રહેશે.

**(૧૪) ટેક્નીકલ ઓફીસીયલ્સની નિયુક્તિ :-**

- રાજયક્ક્ષાના માન્ય મંડળો દ્વારા ટેકનીક્લ બાબતોમાં સહયોગ મેળવવાનો રહેશે.
- ટેકનીકલ ઓફીસીયલ્સ અને રેફરી યોગ્ય લાયકાત ધરાવતા હોવા જોઈએ.
- સંબંધીત માન્ય એસોસીએશન તથા જે તે રમતનાં નોડલ ઓફિસરના પરામર્શમાં રહીને ટેકનીકલ ઓફીસીયલ્સ અને રેફરીની વ્યવસ્થા જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુકત રીતે કરવાની રહેશે.
- રાજયકક્ષાના માન્ય મંડળો દ્વારા દરેક સ્થળ અને રમત માટે ટેકનીકલ કન્વીનર ફાળવવામાં આવશે અને ટેકનીકલ કન્વીનરે ટેકનીકલ બાબતોમાં સહયોગ આપવાનો રહેશે.
- લાયકાત ધરાવતા રેફરીઓ દ્વારા જ સ્પર્ધાઓ યોજવાની રહેશે. રાજયકક્ષાના માન્યમંડળોની સાથે રહીને જે તે રમતના વયજુથ પ્રમાણે કવોલીફાય રેફરી અને લાઈનમેનની યાદી તૈયાર કરવાની રહેશે રેફરી દ્વારા જે તે રમતના નિતિ નિયમો પ્રમાણેજે તે સ્પર્ધાઓ યોજવામા આવે તે માટેની તકેદારી જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુકત રીતે રાખવાની રહેશે.
- રાજયકક્ષાના માન્ય મંડળો દ્વારાકવોલીફાય રેફરી પુરા પાડવામાં ન આવે તેવા કિસ્સામાં જે તે રમતના નોડલ ઓફિસર દ્વારા રેફરીની નિયુક્તિ કરવાની રહેશે.

## (૧૫) રોકડ પુરસ્કાર

૧. ખેલાડીઓ

- **DBT/RTGS દ્વારા રોકડ પુરસ્કાર વિતરણ**
  વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર DBT/RTGS દ્વારા જેતે ખેલાડીના ખાતામાં રોકડ પુરસ્કાર તબદી લકરવાના રહેશે.
- તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાના વિજેતા ખેલાડીઓને DBT/RTGSથી રોકડ પુરસ્કારનું વિતરણ કરવા માટે તાલુકા અને જિલ્લા તથા રાજયકક્ષાએ વિનીંગ મોડયુલઓનલાઇન કરવાનું રહેશે.
- વિજેતા ખેલાડીઓને પુરસ્કારની રકમ ચૂકવવા માટે ખેલાડીઓના નામ, સરનામું સંપર્ક નંબર, શાળાનું નામ, સરનામું અને સંપર્ક નંબર અંગેની વિગતો આ સાથેના નિયત નમુનાના **પત્રક-ક** (NEFT ફોર્મ) પ્રમાણે તૈયાર કરવાની રહેશે. ત્યાર બાદ વિનિગ મોડ્યુલમાં એન્ટ્રી કરવાની રહેશે. આ તબક્કો, રોકડ પુરસ્કારનું વિતરણ DBT/RTGSથી કરવામાં અનિવાર્ય છે. જેનુ ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

૨. કોચ

- રાજયકક્ષાની સ્પર્ધામાં અંડર-૯, ૧૧, ૧૪, ૧૭ અને ઓપનએજ ગ્રુપના વિજેતા થયેલ ખેલાડીઓના કોચને DBT/RTGS દ્વારા રોકડ પુરસ્કાર આપવાનો રહેશે.
- રાજયકક્ષાની સ્પર્ધામાં અબવ-૪૦ અને ૬૦ વયજુથના વિજેતા થયેલ ખેલાડીઓના કોચ તેમજ સ્પે.ખેલ મહાકુંભની રમતોના વિજેતા થયેલ ખેલાડીઓના કોચને રોકડપુરસ્કાર આપવાનો રહેશે નહી.
- વ્યક્તિગત કે ટીમ રમતમાં સ્પર્ધા દરમ્યાન ખેલાડી દ્વારા જે કોચનું નામ ફોર્મમાં ભર્યુ હશે તે જ કોચને રોકડ પુરસ્કાર મળવાપાત્ર થશે.
- કોચીઝને રોકડ પુરસ્કારની રકમ DBT/RTGS દ્વારા બેન્ક ખાતામાં જ તબદીલ કરવા માટે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુકત રીતે સંકલન કરવાનું રહેશે.
- સ્પર્ધા સમયે દર્શાવેલ કોચ/કોચીઝને જ ટીમ રમતમાં ખેલાડી દીઠ રોકડ પુરસ્કાર આપવાનો રહેશે.

## (૧૬) રાજયકક્ષાની સ્પર્ધામાં વિજેતાઓનું પરીણામ પત્રક

- પરીણામ નો નમુનો આ સાથે સામેલ છે. (પત્રક-ડ)
- જે તે રમતના વયજુથ પ્રમાણે વ્યકિતગત અને સાંઘિક રમતના પરીણામપત્રક કે, જેમાં ખેલાડીનુ નામ, વિજેતા ક્રમ, સમય, કે.એમ.કે. આઈ.ડી, KMK ટીમ આઇ.ડી, વયજુથ, જિલ્લો અને ખેલાડી, પી.ટી.ટીચર/કોચનો મોબાઈલ નંબર વગેરે માહિતી સાથેનું પત્રક સોફ્ટ/હાર્ડ કોપીમાં તૈયાર કરવાનુ રહેશે.
- કોઈપણ રમતની કોઈપણ ઈવેન્ટમાં ખેલ મહાકુંભ ૨૦૨૫ કરતા નવો રેકોર્ડ પ્રસ્થાપિત થયો હોય તો તેને હાઈલાઈટ કરવાનો રહેશે.
- પરીણામ પત્રકમાં **વિજેતા** ભાઈઓ/બહેનોની અલગ અલગ સંખ્યા અને કુલ સંખ્યા સાથેની માહિતી તૈયાર કરવાની રહેશે.

- રાજયકક્ષાની સ્પર્ધામાં **ભાગ લીધેલ** ખેલાડી ભાઈઓ/બહેનોની અલગ અલગ સંખ્યા અને કુલ સંખ્યા સાથેની માહિતી તૈયાર કરવાની રહેશે. જેમાં S.C., S.T., O.B.C. અને જનરલ કેટેગરી પ્રમાણેની વિગતો આપવાની રહેશે.

**(૧૭) વિનિંગ મોડ્યુલમાં વિજેતાઓની ડેટા એન્ટ્રી:-**

તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ વિજેતા થયેલ ખેલાડીઓના રોકડપુરસ્કાર માટે વિનિંગ મોડ્યુલ ઓનલાઇન કરવા રહેશે. જેમાં વિજેતાઓનું લીસ્ટ તૈયાર કરતી જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુકત રીતે નીચેની બાબતોની ખાત્રી કરવાની રહેશે.

- તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા અને રાજયકક્ષામાં ઓછામાં ઓછા ૪(ચાર) ટીમો/વ્યકિતગત રમતમાં ૪ (ચાર) ખેલાડીઓ ભાગ લે અથવા જિલ્લાના કુલ તાલુકા/ઝોનની સંખ્યા ઓછી હોય તેટલી ટીમો વ્યકિતગત રમતમાં ખેલાડીઓ ભાગ લીધેલ હોય તો રોકડ પુરસ્કારને હકદાર રહેશે.
- તાલુકાકક્ષા અને જિલ્લાકક્ષામાં ૪(ચાર) ટીમો/વ્યકિતગત રમતમાં ૪(ચાર) કરતા ઓછા ખેલાડીઓ ભાગ લે તો પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કારને હકદાર રહેશે નહી.
- રાજયકક્ષાએ ૪(ચાર) ટીમો/વ્યકિતગત રમતમાં ૪(ચાર) કરતા ઓછા ખેલાડીઓ ભાગ લે તો પ્રમાણપત્ર, ટેકશુટ, મેડલ અને રોકડ પુરસ્કારને હકદાર રહેશે નહી.

  જે જિલ્લા અને મહાનગરપાલિકામાં ૩ અથવા ૩ કરતા ઓછા તાલુકા/ઝોન હોય તે જિલ્લા/મહાનગરપાલિકામાં ૪(ચાર) ટીમ/વ્યકિતગત રમતમાં ૪(ચાર) ખેલાડીનો નિયમ લાગુ પાડવામા આવશે નહી.

**(૧૮) ઉપરની કક્ષાએ ભાગ લેવા માટે ઓનલાઈન એન્ટ્રી**

- શાળા/ગ્રામ્યકક્ષાએથી વિજેતા થઈ તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.
- તાલુકાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ અને જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓની ઓનલાઈન એન્ટ્રી નિયત સમયમાં જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુકત રીતે ફરજિયાત કરવાની રહેશે.
- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ અને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓની ઓનલાઈન એન્ટ્રી નિયત સમયમાં સંબંધિત આયોજકને જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુકત રીતે ફરજિયાત મોકલી આપવાની રહેશે.
- ખેલ મહાકુંભ પોર્ટલમાં ઓનલાઈન એન્ટ્રી થયેલ હશે તો જ જે તે ઉપરની કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- ખેલ મહાકુંભ પોર્ટલમાં વિનિંગ મોડ્યુલમાં સમયમર્યાદામાં ઓનલાઈન એન્ટ્રી કરાવવાની સંપૂર્ણ જવાબદારી સંયુકત રીતે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની રહેશે.
- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ અને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓની ઓનલાઈન એન્ટ્રી સંબંધિત આયોજકને જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુકત રીતે ફરજિયાત મોકલી આપવાની રહેશે.

(૧૯) મેડલ અને ટ્રેકશુટ:-

- મેડલ અને ટ્રેકશુટ આપવામાં આવનાર ખેલાડીઓની યાદી તૈયાર કરવાની રહેશે. જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રી સંયુકત રીતે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા મેડલ અને ટ્રેકશુટ મેળવી લેવાના રહેશે.
- માત્ર રાજયકક્ષાની સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને જ મેડલ અને ટ્રેક્શુટ આપવાના રહેશે.

(૨૦) રાજયકક્ષાની સ્પર્ધામાં ફોરમેટ, સીડીંગ અને ડ્રો કરવા બાબત.:

- રાજયકક્ષાના માન્ય મંડળો, જે તે રમતના હેડકોચશ્રી અને જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી તેમજ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુક્ત રીતે જિલ્લા/મહાનગરપાલિકાની ટીમની સીડીંગ ધ્યાનમાં રાખીને ડ્રો તૈયાર કરવાનો રહેશે.

(૨૧) સ્પર્ધા સ્થળ/નિવાસ સ્થળ ઉપરની વ્યવસ્થા:-

- સ્પર્ધામાં ભાગ લેવા આવનાર ખેલાડીઓ માટે ઉત્તમ નિવાસ અને ભોજન વ્યવસ્થા હોવી જોઈએ.
- મેદાન, નિવાસ અને ભોજન વ્યવસ્થા સ્થળ પર એનાઉન્સમેન્ટ માટે માઈકની વ્યવસ્થા કરવાની રહેશે.
- મેદાન, નિવાસ અને ભોજન સ્થળ પર પીવાનાપાણી અને નાસ્તાની વ્યવસ્થા અલગ જગ્યાએ હોવી જોઈએ.
- નિવાસ, ભોજન સ્થળ તેમજ મેદાન પર ખેલાડી, રેફરી વગેરે માટે ભાઈઓ/બહેનો માટે બાથરૂમની વ્યવસ્થા હોવી જોઈએ.
- સ્પર્ધાના વિગતવાર કાર્યક્રમનો બહોળો પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.
- રાત્રી પ્રકાશમાં રમાડનાર સ્પર્ધા માટે જરૂરી લાઈટની વ્યવસ્થા કરવાની રહેશે.
- નિવાસ અને ભોજન અને રમતોના મેદાન ઉપર સ્વચ્છતાનું પાલન કરવાનું રહેશે.

(૨૨) માહિતી કેન્દ્ર (હેલ્પ ડેસ્ક) :-

- દરેક ખેલાડી, કોચ, મેનેજર વગેરેને સ્પર્ધાની માહિતી નિવાસ, ભોજન, પુરસ્કાર ફોર્મ, KMKID વગેરેની માહિતી મળી રહે તે માટે નિવાસ સ્થળ, ભોજન સ્થળ અને મેદાન ઉપર માહિતી કેન્દ્ર શરૂ કરવાનું રહેશે.

(૨૩) ટી-શર્ટ કેપ:-

- જિલ્લામાંથી વિજેતા થઈ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓ પૈકી વ્યક્તિગત રમતમાં પ્રથમ અને દ્વિતિય ક્રમના વિજેતા ખેલાડીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે જાય તે જ સમયે ટી-શર્ટ અને કેપ આપવી હિતાવહ રહેશે.
- ઝોનકક્ષાની ૯ ટીમ રમતમાં પ્રથમ અને દ્વિતિય ક્રમના વિજેતાઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે જાય તે જ સમયે ટી-શર્ટ અને કેપ આપવી હિતાવહ રહેશે.
- જિલ્લાકક્ષાની સાંધિક અને વ્યક્તિગત રમતના વિજેતાઓ તેમજ ઝોનકક્ષાની ૯ ટીમ રમતમાં પ્રથમ અને દ્વિતિય ક્રમના વિજેતાઓ ખેલાડીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા નથી, તેવા ખેલાડીઓને ટી-શર્ટ આપવાના રહેતા નથી.
- વણ વપરાયેલ ટી-શર્ટ અને કેપનો ઉપયોગ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની મંજૂરીથી ઇનકુલ અથવા ડી.એલ.એસ.એસ.માં કરવાનો રહેશે.

- રાજયકક્ષાની સ્પર્ધા બાદ ખરેખર ખરીદેલ ટી-શર્ટ અને કેપ અને તે પૈકી વિજેતાઓને વિતરણ કરેલ અને બચત રહેલ ટી-શર્ટ અને કેપની વિગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતને મોકલી આપવાની રહેશે.

**(૨૪) શક્તિદૂત યોજના**

- શક્તિદુત યોજનાના ખેલાડીઓએ ખેલ મહાકુંભ-૨૦૨૬માં રાજયકક્ષાની સ્પર્ધામાં ફરજીયાત ભાગ લેવાનો રહેશે તેમજ ખેલાડીઓએ ઓનલાઇન રજિસ્ટ્રેશન પણ કરાવવાનું રહેશે.
- શકિતદૂતના પસંદગી પામેલા ખેલાડીઓ જિલ્લાકક્ષાની વ્યકિતગત રમતોમાં ભાગ નહી લીધો હોય તો પણ તેઓને ભાગ લેવા માટે રાજયકક્ષાની રીલે ટીમમાં ભાગ લેવા માટેની અગ્રતા આપવામાં આવશે.
- ખેલ મહાકુંભમાં શક્તિદુત યોજનાના લાભાર્થી ખેલાડીઓને **પોતાની વ્યક્તિગત રમતમાં મેળવેલ સિધ્ધિ ધ્યાનમાં લઈ રજિસ્ટ્રેશન કરાવેલ હોય તો જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ ન હોય તો પણ સીધા રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રવેશ આપી શકાશે.** શક્તિદુત યોજનાના ૨૦૨૫-૨૬ના ખેલાડીઓને જે લાગુ પાડી શકાશે.
- શક્તિદૂતનાં ખેલાડીઓ ઉપસ્થિતિ અંગે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતને અગાઉથી જાણ કરવાની રહેશે.

**(૨૫) પ્રતિભાશોધ:- (જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલના પ્રવેશ માટે)**

- ખેલ મહાકુંભની રાજયકક્ષાની સ્પર્ધામાંથી ડી.એલ.એસ.એસ.ના પી.ટી. ખેલાડીઓનું શોર્ટ લીસ્ટ અને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની કામગીરી અને જવાબદારી અંગેનો વિગતવાર પરીપત્ર જિલ્લા કક્ષા સ્પોટ્સ સ્કુલ (DLSS) હવે પછી કરવામાં આવશે
- ખેલ મહાકુંભમાં ભાગ લેનાર ખેલાડીઓની વિવિધ કક્ષાએ પસંદગી માટે ખેલાડીની ઉંચાઈ (HEIGHT HUNT) ધ્યાનમાં લેવામાં આવનાર હોઈ નિયત કરેલ ઓનલાઈન રજિસ્ટ્રેશન ફોર્મમાં અન્ય વિગતોની સાથે ફરજીયાત પણે દર્શાવવાની રહેશે.

**(૨૬) આકસ્મિક સહાય**

- ખેલમહાકુંભની સ્પર્ધા દરમ્યાન ભાગ લેનાર રમતવીર, વિધાર્થી, કર્મચારીને ગંભીર ઈજા/અકસ્માત/મૃત્યુ, તેવા આકસ્મિક કિસ્સાઓમાં મેડીકલ સારવાર અને આનુષાંગીક સહાય આપવા અંગેની વિચારણા કરેલ છે. આ અંગે સ્થાનિક અમલીકરણ સમિતિ દ્વારા પુરતી ખાતરી કર્યા બાદ સહાય અંગેની ભલામણ કરવાની રહેશે. જેનો આખરી નિર્ણય સ્પોટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતનો રહેશે.

**(૨૭) સ્પર્ધાના સામાન્ય નિયમો :-**

- ખેલાડી ગુજરાત રાજયનો જન્મથી વતની હોવો જોઈએ અથવા ગુજરાત રાજયમાં છેલ્લા બે વર્ષથી અભ્યાસ/ નોકરી/વ્યવસાય/ નિવાસ કરતા હોવો જોઈએ. જેના આધાર પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.
- જે ખેલાડી જે જિલ્લામાં ભાગ લે તે જિલ્લામાં નિવાસ/વ્યવસાય છેલ્લા ૬ માસથી કરતો હોવો જોઈએ તેમજ તેના આધાર-પુરાવા કે પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.
- શાળામાં/કોલેજમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ જ્યાં અભ્યાસ કરતાં હોય તે તાલુકા/જિલ્લામાંથી ભાગ લઈ શકશે.

- કર્મચારીના કિસ્સામાં અન્ય રાજયમાંથી બદલી/ડેપ્યુટેશનથી આવેલ કર્મચારીએ રજિસ્ટ્રેશનની તારીખે ઓછામાં ઓછા છ માસ પહેલા બદલી થઈને ગુજરાતમાં જે તે જિલ્લામાં આવેલ હોય તો જ ભાગ લઈ શકશે.
- સ્પર્ધા દરમ્યાન જ્યારે ખેલાડી/ટીમને વાંધો હોય તો ખેલાડી/ટીમ મેનેજરએ સ્પર્ધા દરમ્યાન લેખીતમાં પ્રોટેસ્ટ રજુ કરવાનો રહેશે. સ્પર્ધા પૂર્ણ થયા બાદ મળેલ કોઈપણ પ્રોટેસ્ટ ધ્યાને લેવામાં આવશે નહી.
- પ્રોટેસ્ટ લેખીતમાં રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) ની ફી ભરીને આપવાના રહેશે. પ્રોટેસ્ટ જો ખોટી ઠરશે તેવા સંજોગોમાં રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) પરત મળશે નહી. જો પ્રોટેસ્ટ યોગ્ય હશે તો પ્રોટેસ્ટ ફી પરત કરવામાં આવશે.
  - પ્રોટેસ્ટ (લવાદ) માટે નીચે મુજબ સમિતિની રચના કરવાની રહેશે.

| | |
|---|---|
| ૧ | જિલ્લા રમત વિકાસ અધિકારી |
| ૨ | જિલ્લા રમત ગમત અધિકારી |
| ૩ | જે તે રમતના કોચ |
| ૪ | જે તે રમતના માન્ય એસોસીએશનના પ્રમુખ/મંત્રી/પ્રતિનિધિ |
| ૫ | જે તે રમતના માન્ય વ્યાયામ શિક્ષક સંઘના પ્રમુખ/મંત્રી/પ્રતિનિધિ |

- પ્રોટેસ્ટ (લવાદ) સમિતિનો નિર્ણય આખરી અને સર્વેને માન્ય અને બંધનકર્તા રહેશે.
- ખેલ મહાકુંભની સ્પર્ધા દરમ્યાન કોઈપણ અકસ્માત કે અન્ય બાબતોથી ખેલાડીને ઈજા કે અન્ય ઘટનાથી ખેલાડીને શારીરિક કે માનસિક નુકસાન થાય તે માટે સરકારશ્રીની કોઈ પણ જવાબદારી રહેશે નહી.
- ખેલાડીઓના એલીજીબીલીટી ફોર્મમાં ફોટા ફરજીયાત ચોંટાડેલા હોવા જોઈએ. ખેલાડીઓના એલીજીબીલીટી ફોર્મમાં જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુકત રીતે સહી સિક્કા કરવાના રહેશે.
- ખેલ મહાકુંભમાં યોજવામાં આવતી તમામ સ્પર્ધાઓ જે તે રમતના ભારતના માન્ય ફેડરેશન/એસોસીએશનના નીતિ નિયમો તેમજ ખેલ મહાકુંભના વખતો વખત થયેલા સુધારા સાથેના સામાન્ય નિયમો મુજબ યોજવાની રહેશે.
- જે કક્ષાએથી સ્પર્ધા શરૂ થાય ત્યાં ટીમ રમતમાં માત્ર એક જ શાળાના વિધાર્થીઓની ટીમ હોવી જોઈએ. જેના આચાર્ય અને શાળાનો કોડ નંબર એક હોવો જોઈએ અને બોનાફાઈડ વિધાર્થીઓ હોવા જોઈએ.
- ખેલ મહાકુંભમાં ખેલાડીઓ, ટીમ/મેનેજર અથવા કોચ દ્વારા સ્પર્ધા સમયે રજુ કરવામાં આવતા આધાર પુરાવા ખોટા હોય તેમજ કોઇપણ ખેલાડીઓ, ટીમ/મેનેજર અથવા કોચ દ્વારા કોઇપણ ગેરવર્તણુક કરવામાં આવશે તો તે ખેલાડી અથવા ટીમને ખેલ મહાકુંભની સ્પર્ધામાં ૩ વર્ષ સુધી ભાગ લઈ શકશે નહી.
- કોઈ પણ રમતવીર પોતાના તાલુકા/જિલ્લામાંથી મહત્તમ બે જ રમતમાં ભાગ લઈ શકશે.
- દરેક સ્પર્ધા નિયત કાર્યક્રમ પ્રમાણે યોજવાની રહેશે.
- રજિસ્ટ્રેશનની કોઈ પણ સમસ્યા બાબતે રાજ્ય સ્તરે ટોલ ફ્રી નંબર. ૧૮૦૦ ૨૭૪૬ ૧૫૧ ઉપર સંપર્ક કરવાથી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવશે.
- ખેલ મહાકુંભમાં સ્વીમીંગ ભાઈઓ/બહેનોની સ્પર્ધા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવેલ હોય અને તે પૈકી ગમે તે એક વ્યકિતગત ઈવેન્ટમાં જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હોય તો તેવા ખેલાડીઓને જિલ્લાકક્ષાની સ્પર્ધાની ઈવેન્ટ અને સીધી રાજયકક્ષાએ યોજાતી સ્પર્ધા

મળીને એમ કુલ ત્રણ વ્યકિતગત ઈવેન્ટ અને બે રીલેમાં ભાગ લઈ શકશે. જિલ્લાકક્ષાની કેટલી વ્યકિતગત ઈવેન્ટમાં ભાગ લીધેલ છે અને તેમાં વિજેતા થયેલ છે કે વિજેતા થયેલ નથી તેની વિગતોની લેખીત બાંહેધરી મેળવી લેવાની રહેશે.

- જે જિલ્લાની ટીમોની સ્પર્ધા રમાતી હોય ત્યારે તે જિલ્લાના પંચો/રેફરી સ્પર્ધામાં ફરજ ન બજાવે તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.
- એથ્લેટીકસ અને સ્વીમીંગ માટેની રીલે ટીમની પસંદગી.
  - રાજયકક્ષાની જે રીલે ટીમ બનશે તે જિલ્લાકક્ષાની વ્યકિતગત રમતના આધાર પર બનાવવામાં આવશે. રીલે ટીમ બનાવવા માટે અલગથી પસંદગી ટ્રાયલ આપવામાં આવશે નહી.
- ખેલ મહાકુંભના ધારાધોરણ મુજબ માનદ વેતન, પ્રવાસ ખર્ચ, નિવાસ, ભોજન, રોકડ પુરસ્કાર, તેમજ આનુષાંગિક તમામ ખર્ચ કરવાનો રહેશે.
- સ્પર્ધા સમયે ખેલાડીએ આધારકાર્ડ, બોનાફાઇડ અને બેંકની પાસબુકની નકલ સાથે લઇને આવવાની રહેશે.
- ટીમ ઈવેન્ટમાં રોજની મહત્તમ ૩ મેચ રમાડવાની રહેશે.

**(૧) ચેસ**

અં-૧૪ અને અં-૧૭ વયજુથમાં જિલ્લામાંથી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ૫ ખેલાડીઓની ટીમ મોકલવાની રહેશે.

**(૨) યોગાસન**

(ક) રાજયક્ક્ષાએ બેસ્ટ ઓફ ધી બેસ્ટ રમાશે.

(ખ) બે ઈવેન્ટમાં ભાગ લેવા માટે વ્યક્તિગત યોગા ચેમ્પિયનશીપ ઈવેન્ટ ફરજીયાત રમવાની રહેશે.

(ગ) અં-૧૪, અં-૧૭ અને ઓપન એજ વયજુથમાં નીચે મુજબ જિલ્લાકક્ષાએથી રાજયકક્ષાએ ખેલાડીઓ ભાગ લેશે.

| | |
|---|---|
| વ્યક્તિગત યોગ ચેમ્પિયનશીપ | પ્રથમ, દ્વિતિય અને તૃતિય |
| આર્ટિસ્ટિક (ટ્રેડિશનલ) યોગ ચેમ્પિયનશીપ | પ્રથમ, દ્વિતિય |
| રીધેમિક યોગ ચેમ્પિયનશીપ | પ્રથમ, દ્વિતિય |

**(3) જીમ્નાસ્ટીક્સ**

(ક) ખેલાડી કોઈ પણ બે ઈવેન્ટમાં ભાગ લઈ શકશે.

(ખ) નિયમ પ્રમાણે ભાઈઓએ ૬ (છ) પેટા રમત અને બહેનોએ ૪ (ચાર) પેટા રમતમાં ભાગ લેવાનો રહેશે.

**(૪) રેકેટ રમતની સ્પર્ધાઓ**

(ક) અંડર-૧૧ વયજુથમાં "રેકેટ" રમતમાં જિલ્લાકક્ષામાંથી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે કુલ ૩ ખેલાડીઓની ટીમ મોકલવાની રહેશે.

(ખ) "રેકેટ" રમતમાં જિલ્લાકક્ષામાંથી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે કુલ ૫ ખેલાડીઓની ટીમ મોકલવાની રહેશે.

**(૫) આર્ચરી**

(ક) જિલ્લામાંથી ૧ થી ૪ વિજેતા ખેલાડીઓને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા મોક્લવાના રહેશે

**(૬) શુટીંગ**

(ક) રાઈફલ/ટ્રેપ અથવા પીસ્તલ/ટ્રેપમાં ભાગ લઈ શકશે.

(ખ) શુટીંગ સ્પર્ધામાં સ્પર્ધકોએ શુટીંગ માટે પોતાની રાયફલ/પીસ્તલ લાવવાની રહેશે.

(ગ) બધી જ સ્પર્ધાઓ ઈન્ટરનેશનલ શુટીંગ સ્પોર્ટ્સ ફેડરેશન/ISSFના નિયમો મુજબ યોજાશે.

(ઘ) ઓપન એજ ગૃપમાં ૧૭ વર્ષથી ઉપર કોઈપણ ખેલાડી ભાગ લઈ શકશે.

**(૭) કરાટે, આર્ટીસ્ટીક સ્કેટીંગ અને શુટીંગબોલ**

- સીધી જિલ્લાકક્ષાએથી શરૂ કરવાની રહેશે.

**(૮) રોલબોલ**

- સીધી રાજયકક્ષાએ સ્પર્ધાઓ યોજવાની રહેશે.
- અં-૧૪ અને અં-૧૭ ની વયજુથમાં યોજવાની રહેશે.
- આ સ્પર્ધાના આયોજન અંગે સરકારશ્રી માન્ય એસોસીએશન સાથે પરામર્શ કરી વિગતવાર આયોજન કરવાનું રહેશે.

**(૯) ઘોડેસવારી (ભાઈઓ/બહેનો) :-**

- સીધી રાજયકક્ષાએ સ્પર્ધાઓ યોજવાની રહેશે.
- ઓપન એજ ગૃપ વયજુથમાં યોજવાની રહેશે.
- આ સ્પર્ધાના આયોજન અંગે સરકારશ્રી માન્ય એસોસીએશન સાથે પરામર્શ કરી વિગતવાર આયોજન કરવાનું રહેશે.
- આ સ્પર્ધા માટે ઘોડા પરિવહન, સ્પર્ધાના સ્થળે નિવાસ, નિભાવ વગેરેનો ખર્ચ ઘોડાના માલિક/એસોસીએશને ભોગવવાનો રહેશે.
- સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીએ સ્પર્ધાના સ્થળે પોતાની રીતે આવવાનું રહેશે. નિવાસ, ભોજન અને ઘોડાની સુવિધા સ્વ.ખર્ચ/એસોસીએશનએ કરવાની રહેશે, જ્યારે સ્પર્ધામાં વિજેતાને રોકડ પુરસ્કાર સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આપવાના રહેશે.
- સ્પર્ધાનું મેદાન અને ટેકનિકલ સ્ટાફ એસોસીએશનએ નિયમ અનુસાર વ્યવસ્થા કરવાની રહેશે.

**(૧૦) બીચ વોલીબોલ, બીચ હેન્ડબોલ**

- સીધી રાજ્યકક્ષાએથી શરૂ કરવાની રહેશે
- ઓપન એજ ગૃપ વયજુથમાં યોજવાની રહેશે.
- સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીએ સ્પર્ધાના સ્થળે પોતાની રીતે આવવાનું રહેશે.
- સ્પર્ધાની સુવિધા માટે અને ટેકનિકલ સ્ટાફ એસોસીએશનએ નિયમ અનુસાર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં પરામર્શમાં રહીને વ્યવસ્થા કરવાની રહેશે.

**(૧૧) સેપક ટકરાવ :**

- સીધી રાજ્યકક્ષાએથી શરૂ કરવાની રહેશે
- અંડર-૧૪ અને અંડર-૧૭ વયજુથમાં યોજવાની રહેશે.
- સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીએ સ્પર્ધાના સ્થળે પોતાની રીતે આવવાનું રહેશે.
- સ્પર્ધાની સુવિધા માટે અને ટેકનિકલ સ્ટાફ એસોસીએશનએ નિયમ અનુસાર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં પરામર્શમાં રહીને વ્યવસ્થા કરવાની રહેશે.

**(૧૨) વુડબોલ**

- સીધી રાજ્યકક્ષાએથી શરૂ કરવાની રહેશે
- અંડર-૧૭ અને ઓપન એજ ગ્રૂપમાં યોજવાની રહેશે.
- સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીએ સ્પર્ધાના સ્થળે પોતાની રીતે આવવાનું રહેશે.
- સ્પર્ધાની સુવિધા માટે અને ટેકનિકલ સ્ટાફ એસોસીએશનએ નિયમ અનુસાર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં પરામર્શમાં રહીને વ્યવસ્થા કરવાની રહેશે.

ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત સ્પર્ધા અંગેનો આખરી નિર્ણય સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરનો રહેશે.

ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત સ્પર્ધામાં કોઇપણ પ્રકારના સુધારા કરવા અંગેની સત્તા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરની રહેશે.

ખેલ મહાકુંભ એ સરકારશ્રીનાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો ફ્લેગશીપ કાર્યક્રમ હોઈ તેને સફળ બનાવવા અસરકારક આયોજન અને અમલીકરણ કરવા આ પરિપત્રની સૂચનાનું ચુસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

સબંધિત ફાઇલ પર માન. સચિવશ્રી (ર.ગ)ની મંજૂરી મળેલ છે.

૬/૧/૨૦૨6

સચિવ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

બિડાણ:- પત્રક- અ- ટેકનીકલ ઓફીસીયલ્સની સંખ્યા
પત્રક- બ- રોકડ- પુરસ્કાર
પત્રક- ક- રોકડ- પુરસ્કારનું ફોર્મ (ખેલાડી)
પત્રક- ડ- પરીણામ પત્રક

**નકલ સવિનય રવાના જાણ સારૂં**

(૧) અધિક અંગત સચિવશ્રી,
માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકાર
(૨) અંગત સચિવશ્રી,
માન. મંત્રીશ્રી, રમતગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત સરકાર, ગાંધીનગર
(૩) અંગત મદદનીશશ્રી,
માન. સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર
(૪) માન. નાયબ સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર

પ્રતિ,
(૧) કલેક્ટરશ્રી, તમામ
(૨) મ્યુ.કમિશ્નરશ્રી ,તમામ
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
(૪) વાઈસ ચાન્સેલરશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સીટી, વડોદરા
(૫) કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
(૬) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૭) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

(૮) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ, ગાંધીનગર

(૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

(૧૦) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

(૧૧) પ્રિન્સીપાલશ્રી, જીલ્લા શિક્ષણ અને તાલિમ ભવન તમામ

(૧૨) શાસનાધિકારીશ્રી, મ્યુનિ.કોર્પોરેશન તમામ

(૧૩) પ્રમુખ/મંત્રીશ્રી, રાજયકક્ષાના માન્ય રમતગમત મંડળો

(૧૪) જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, તમામ

(૧૫) જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, તમામ

(૧૬) શાખા અધિકારીશ્રી, એસ.એ.જી., તમામ

# પત્રક-અ

| ખેલ મહાકુંભ-૨૦૨૬<br>ઓર્ગેનાઈઝર, રેફરી અને ટેકનીકલ ઓફિશીયલ્સને તાલુકાથી રાજ્યકક્ષા સુધીની સ્પર્ધાઓ માટે નીચે મુજબની મહતમ સંખ્યા દર્શાવતું | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | રમતનું નામ | તાલુકા/નગરપાલીકાકક્ષા | | | જિલ્લા/મહાનગરપાલીકાકક્ષા | | | ઝોન/રાજયકક્ષા | | |
| | | વ્યવસ્થાપક | ટેકનીક્લ ઓફીસર | ચીફ રેફરી | વ્યવસ્થાપક | ટેકનીક્લ ઓફીસર | ચીફ રેફરી | વ્યવસ્થાપક | ટેકનીક્લ ઓફીસર | ચીફ રેફરી |
| ૧ | એથ્લેટીકસ | ૧૨ | ૨૩ | ૧ | ૧૪ | ૪૦ | ૧ | ૪૦ | ૮૦ | ૧ |
| ૨ | કબડ્ડી | ૮ | ૨૧ | ૧ | ૧૦ | ૨૪ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| 3 | ખો-ખો | ૮ | ૨૧ | ૧ | ૧૦ | ૨૪ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૪ | વોલીબોલ | ૮ | ૨૧ | ૧ | ૧૦ | 30 | ૧ | 30 | ૫૦ | ૧ |
| ૫ | ચેસ | ૮ | ૫ | ૧ | ૧૦ | ૧૦ | ૧ | ૧૫ | ૨૦ | ૧ |
| ૬ | યોગાસન | ૮ | ૫ | ૧ | ૧૦ | ૧૬ | ૧ | ૨૦ | ૪૦ | ૧ |
| ૭ | રસ્સા ખેંચ | ૮ | ૧૦ | ૧ | ૧૦ | ૨૦ | ૧ | ૧૦ | ૨૦ | ૧ |
| ૮ | શુટીંગબોલ | - | - | - | ૧૦ | ૧૮ | ૧ | ૧૫ | 30 | ૧ |
| ૯ | આર્ચરી | - | - | - | ૧૦ | 30 | ૧ | ૧૦ | ૨૦ | ૧ |
| ૧૦ | ફુટબોલ | - | - | - | ૧૦ | ૪૦ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૧૧ | હેન્ડબોલ | - | - | - | ૧૦ | 30 | ૧ | ૨૦ | ૪૦ | ૧ |
| ૧૨ | હોકી | - | - | - | ૧૦ | ૪૦ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૧૩ | જુડો | - | - | - | ૧૦ | 30 | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૧૪ | કુસ્તી | - | - | - | ૧૦ | 30 | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૧૫ | લોન ટેનીસ | - | - | - | ૧૦ | ૨૦ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૧૬ | બેડમીન્ટન | - | - | - | ૧૦ | ૪૦ | ૧ | ૪૦ | ૬૫ | ૧ |
| ૧૭ | બાસ્કેટબોલ | - | - | - | ૧૦ | 30 | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૧૮ | સ્કેટીંગ | - | - | - | ૧૦ | ૪૦ | ૧ | ૨૦ | ૨૫ | ૧ |
| ૧૯ | સ્વીમીંગ | - | - | - | ૧૪ | ૪૦ | ૧ | ૫૦ | ૭૫ | ૧ |
| ૨૦ | ટેબલ ટેનીસ | - | - | - | ૧૦ | ૨૦ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૨૧ | ટેકવેન્ડો | - | - | - | ૧૦ | ૨૪ | ૧ | ૧૦ | ૨૦ | ૧ |
| ૨૨ | જીમ્નાસ્ટીકસ | - | - | - | - | - | - | ૧૦ | ૨૦ | ૧ |
| ૨૩ | સાયકલીંગ | - | - | - | - | - | - | ૨૦ | ૧૨ | ૧ |
| ૨૪ | શુટીંગ | - | - | - | - | - | - | ૧૦ | ૧૨ | ૧ |
| ૨૫ | સ્કેટીંગ (Artistic) | - | - | - | ૧૦ | ૨૦ | ૧ | ૧૦ | ૧૨ | ૧ |
| ૨૬ | વેઈટ લીફટીંગ | - | - | - | - | - | - | ૧૦ | ૨૫ | ૧ |
| ૨૭ | બોક્સીંગ | - | - | - | - | - | - | ૧૦ | ૨૦ | ૧ |
| ૨૮ | ફેન્સીંગ | - | - | - | - | - | - | ૧૦ | ૧૮ | ૧ |
| ૨૯ | કરાટે | - | - | - | ૧૦ | ૨૦ | ૧ | ૧૦ | ૨૦ | ૧ |
| 30 | મલખમ્બ | - | - | - | - | - | - | ૧૦ | ૧૦ | ૧ |
| 3૧ | ઘોડેસવારી | - | - | - | - | - | - | ૧૦ | ૨૦ | ૧ |
| 3૨ | રગ્બી | - | - | - | ૧૦ | ૨૦ | ૧ | ૨૫ | 30 | ૧ |
| 33 | સોફ્ટ ટેનીસ | - | - | - | - | - | - | ૮ | ૧૦ | ૧ |
| 3૪ | સ્પોર્ટ ક્લાઈમીંગ | - | - | - | - | - | - | ૧૫ | ૨૦ | ૧ |
| 3૫ | વુડબોલ | - | - | - | - | - | - | ૧૦ | ૨૦ | ૧ |
| 3૬ | રોલબોલ | - | - | - | - | - | - | ૨૫ | ૫૦ | ૧ |
| 3૭ | બીચ હેન્ડબોલ | - | - | - | - | - | - | ૧૦ | ૨૦ | ૧ |
| 3૮ | બીચ વોલીબોલ | - | - | - | - | - | - | ૧૦ | ૨૦ | ૧ |
| 3૯ | સેપક ટકરાવ | | | | | | | ૧૦ | ૨૦ | ૧ |
| | કુલ | ૬૮ | ૧૧૮ | ૮ | ૨૩૮ | ૬૩૬ | ૨૩ | ૭૨૮ | ૧૨૯૪ | 3૯ |

**નોંધ:-**જે તે રમતની જરૂરીયાત પ્રમાણે વ્યવસ્થાપક અને ટેકનિકલ ઓફિસિયલ્સ રાખવાના રહેશે. મહત્તમ સંખ્યા ઉપર મુજબ રહેશે.

પત્રક-બ

| ખેલ મહાકુંભ-૨૦૨૬ | | | | | |
|---|---|---|---|---|---|
| તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાના વિજેતા ખેલાડીઓને ચૂકવવાપાત્ર રોકડપુરસ્કાર | | | | | |
| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ. | ટીમ રૂ. |
| અં-૯, અં-૧૧, અં-૧૪, અં-૧૭, ઓપન એઈજ ગૃપ, ૪૦ વર્ષથી ઉપર અને ૬૦ વર્ષથી ઉપર | | | | | |
| ૧ | ખેલાડીઓ | તાલુકાકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતિય | ૧૦૦૦ | ૭૫૦ |
| | | | તૃતિય | ૭૫૦ | ૫૦૦ |
| | | જિલ્લાકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| | | રાજયકક્ષા | પ્રથમ | ૧૦૦૦૦ | ૫૦૦૦ |
| | | | દ્વિતિય | ૭૦૦૦ | ૩૦૦૦ |
| | | | તૃતિય | ૫૦૦૦ | ૨૦૦૦ |
| શ્રેષ્ઠ શાળા | | | | | |
| ૨ | શાળા | તાલુકાકક્ષા | પ્રથમ | ૨૫૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૧૫૦૦૦ | - |
| | | | તૃતિય | ૧૦૦૦૦ | - |
| ૩ | શાળા | જિલ્લાકક્ષા | પ્રથમ | ૧૫૦૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૧૦૦૦૦૦ | - |
| | | | તૃતિય | ૭૫૦૦૦ | - |
| ૪ | શાળા | રાજયકક્ષા | પ્રથમ | ૫૦૦૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૩૦૦૦૦૦ | - |
| | | | તૃતિય | ૨૦૦૦૦૦ | - |

| રાજયકક્ષાના વિજેતા ખેલાડીઓના કોચને ચૂકવવાપાત્ર રોકડપુરસ્કાર | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ. | ટીમ રૂ. |
| અં-૯, અં-૧૧, અં-૧૪, અં-૧૭, ઓપન એઈજ ગૃપ | | | | | |
| ૧ | કોચ | રાજયકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતિય | ૧૨૦૦ | ૭૫૦ |
| | | | તૃતિય | ૯૦૦ | ૫૦૦ |

પત્રક-ક

## ખેલ મહાકુંભ-૨૦૨૬

### કોચના રોકડ પુરસ્કાર ફોર્મ

(ફોર્મ ફરજીયાત અંગ્રેજી કેપીટલ લેટરમાં ભરવાનું રહેશે )

**બધી જ વિગતો ભરવી ફરજીયાત છે**

| ખેલાડીની વિગત | |
|---|---|
| કોચનું નામ (પુરૂ નામ ) | |
| ઘરનું પુરેપુરુ સરનામું | |
| | પીન કોડ નંબર |
| તાલુક/જિલ્લો/મહાનગરપાલિકા | |
| ખેલાડીનું KMK ID | |
| ખેલાડીની ટીમનું KMK ID | |
| ખેલાડીનું નામ | |
| વય જૂથ ☐ ભાઇઓ<br>બહેનો ☐ | ☐ U-9 ☐ U-11 ☐ U-14 ☐ U-17<br>☐ OPEN AGE |
| રમત | |
| ઇવેન્ટનું નામ | |
| મોબાઇલ નં-૧ | |
| મોબાઇલ નં-૨ | |
| ઇમેલ આઇડી | |
| આધાર કાર્ડ નંબર | |
| બેન્ક ખાતાની વિગત : રોકડ પુરસ્કાર ખાતામાં જમા | |
| ખાતેદારનું નામ | |
| એકાઉન્ટ નંબર | |
| બેન્કનું નામ | |
| બ્રાંચનું નામ | |
| આઈ.એફ.એસ.સી. કોડ | |
| કેન્સલ ચેક આપેલ છે કે નહી | હા ☐ ના ☐ |
| ચેકની પાછળ વિગત આપવી, નામ, KMK ID મોબાઈલ નંબર | હા ☐ ના ☐ |

હું ખાતરી આપું છુ કે ઉપર જણાવેલ વિગતો સાચી છે. મારા દ્વારા જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવા વિનંતી.

(કોચની સહી)

ઓર્ગેનાઈઝર/કન્વીનર દ્વારા ભરવાની વિગત

કોર્પોરેશન/જિલ્લાકક્ષા ☐ રાજયકક્ષા ☐

| | |
|---|---|
| રમત | |
| ઈવેન્ટનું નામ | |
| વિજેતા ક્રમાંક | પ્રથમ ☐દ્વિતિય ☐તૃતિય ☐ |
| ઈનામ મેળવવા પાત્ર રકમ રૂ. | |

કન્વીનરનું નામ હોદ્દો સહી

પત્રક-૬

## ખેલ મહાકુંભ-૨૦૨૬

## ખેલાડી રોકડ પુરસ્કાર ફોર્મ

(ફોર્મ ફરજીયાત અંગ્રેજી કેપીટલ લેટરમાં ભરવાનું રહેશે )

**બધી જ વિગતો ભરવી ફરજીયાત છે**

| ખેલાડીની વિગત | | |
|---|---|---|
| ખેલાડીનું KMK ID | | |
| ખેલાડીની ટીમનું KMK ID | | |
| Selected ટીમનું KMK ID | | |
| ખેલાડીનું નામ (અંગ્રેજીમાં) | નામ | |
| | પિતાનું નામ | |
| | અટક | |
| ખેલાડીના ઘરનું પુરેપુરુ સરનામું (અંગ્રેજીમાં) | | |
| | | પીન કોડ નંબર |
| કોચનું નામ (અંગ્રેજીમાં) | | |
| | ☐ તાલુકાકક્ષા ☐ કોર્પોરેશન/જિલ્લા કક્ષા ☐ રાજ્ય કક્ષા | |
| વય જૂથ ☐ ભાઇઓ | ☐ U-9 ☐ U-11 ☐ U-14 ☐ U-17 | |
| બહેનો ☐ | ☐ OPEN ☐ AGEA-40 ☐ A-60 | |
| રમત | | |
| ઇવેન્ટનું નામ | | |
| મોબાઇલ નં-૧ | | |
| મોબાઇલ નં-૨ | | |
| ઇમેલ આઇડી | | |
| આધાર કાર્ડ નંબર | | |
| બેન્ક ખાતાની વિગત : રોકડ પુરસ્કાર ખાતામાં જમા | | |
| ખાતેદારનું નામ | | |
| એકાઉન્ટ નંબર | | |
| બેન્કનું નામ | | |
| બ્રાંચનું નામ | | |
| આઈ.એફ.એસ.સી. કોડ | | |
| કેન્સલ ચેક આપેલ છે કે નહી | હા | ના |
| ચેકની પાછળ વિગત આપવી, નામ, KMK ID, Team ID, Selected Team ID, મોબાઈલ નંબર | હા | ના |

હું ખાતરી આપું છુ કે ઉપર જણાવેલ વિગતો સાચી છે. મારા દ્વારા જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવા વિનંતી.

(ખેલાડીની સહી)

ઓર્ગેનાઇઝર/કન્વીનર દ્વારા ભરવાની વિગત

| ☐ તાલુકાકક્ષા | ☐ કોર્પોરેશન/જિલ્લાકક્ષા | ☐ રાજયકક્ષા |
|---|---|---|
| રમત | | |
| ઈવેન્ટનું નામ | | |
| વિજેતા ક્રમાંક | પ્રથમ ☐ દ્વિતિય ☐ તૃતિય ☐ | |
| ઈનામ મેળવવા પાત્ર રકમ રૂ. | | |

પત્રક-૬

## ખેલ મહાકુંભ-૨૦૨૬ વિજેતા ખેલાડીઓનું પરીણામ

☐ તાલુકાકક્ષા ☐ જિલ્લાકક્ષા ☐ ઝોનકક્ષા ☐ રાજ્યકક્ષા

| તાલુકો : | રમતનું નામ: | વયજુથ | જાતિ : | અધિકારીશ્રીનું નામ |
|---|---|---|---|---|
| | | | ભાઈઓ ☐ | |
| જિલ્લો : | પેટા રમતનું નામ: | વિજેતા ક્રમ: | બહેનો ☐ | જિલ્લા રમતગમત કન્વિનરશ્રીનું નામ |
| TEAM KMK ID (માત્ર ટીમ રમત માટે ) :- | | | | |

| ક્રમ | કે.એમ.કે.આઈ.ડી. નંબર | ખેલાડીઓનું નામ | મોબાઈલ નંબર | સંસ્થાનું નામ | રીમાર્ક્સ | ઘરનું સરનામું પીનકોડ નંબર સાથે |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |
| ૬ | | | | | | |
| ૭ | | | | | | |
| ૮ | | | | | | |
| ૯ | | | | | | |
| ૧૦ | | | | | | |
| ૧૧ | | | | | | |
| ૧૨ | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

સહી
જે તે રમતના ચીફ રેફરી

સહી
જિલ્લા રમત ગમત અધિકારી

સહી
જિલ્લા રમત વિકાસ અધિકારી

# ખેલ મહાકુંભ-૨૦૨૬

## રમતવાર ખેલાડીઓની સંખ્યા

| Sr.No. | Game | Male | Female | Total |
|---|---|---|---|---|
| 1 | Basketball | 12 | 12 | 24 |
| 2 | Football | 16 | 16 | 32 |
| 3 | Handball | 12 | 12 | 24 |
| 4 | Hockey | 16 | 16 | 32 |
| 5 | Kabaddi | 12 | 12 | 24 |
| 6 | Kho-kho | 12 | 12 | 24 |
| 7 | Shooting Ball | 10 | - | 10 |
| 8 | Tug of War | 10 | 10 | 20 |
| 9 | Volleyball | 12 | 12 | 24 |
| 10 | Rollball | 12 | 12 | 24 |
| 11 | Rugby | 12 | 12 | 24 |
| 12 | Beach Vollyball | 2 | 2 | 4 |
| 13 | Beach Handball | 10 | 10 | 20 |
| 14 | Sepak Takraw (Regu) | 5 | 5 | 10 |
| | Sepak Takraw (Quad) | 6 | 6 | 12 |
| Grand Total | | 159 | 149 | 308 |

# ખેલ મહાકુંભ ૨૦૨૬

## સ્પર્ધા કાર્યક્રમ (સંભવિત)

| ક્રમ | કાર્યક્રમની વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | શાળા/ગ્રામ્યકક્ષા સ્પર્ધા | તા.૨૩/૦૯/૨૦૨૬ થી તા.૨૫/૦૯/૨૦૨૬ |
| ૨ | તાલુકાકક્ષા સ્પર્ધા | તા.૨૬/૦૯/૨૦૨૬ થી તા.૩૦/૦૯/૨૦૨૬ |
| ૩ | જીલ્લા/મહાનગરપાલિકાકક્ષા સ્પર્ધા | તા.૦૩/૧૦/૨૦૨૬ થી તા.૨૧/૧૦/૨૦૨૬ |
| ૪ | ઝોનકક્ષા (ટીમ રમત) | તા.૨૭/૧૧/૨૦૨૬ થી તા.૧૧/૧૨/૨૦૨૬ |
| ૫ | રાજયકક્ષા સ્પર્ધા | તા.૧૩/૧૨/૨૦૨૬ થી તા.૧૧/૦૧/૨૦૨૭ |

ઉપરોક્ત તારીખ દરમ્યાન તાલુકા/ઝોનકક્ષા (મહાનગરપાલિકા), જિલ્લા/મહાનગરપાલિકાકક્ષા, ઝોનકક્ષા (ટીમ રમત) અને રાજ્યકક્ષાની સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રી તેમજ જિલ્લા વ્યાયામ મંડળે સાથે મળીને પરીસ્થિત ધ્યાને રાખીને સ્થાનિકકક્ષાએ જે તે કક્ષાની સ્પર્ધાની તારીખોમાં ફેરફાર કરી શકશે. જેની જાણ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતને કરવાની રહેશે.